DCN-19070601064300 Seat No. ______

# B. R. S. (Sem. VI) (CBCS) Examination

## July - 2022

## Gujarati : Core-622

*(Apathit) - Nibandh, Kavayasavad Gadhy Khandnu Vivaran*
*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) દરેક પ્રશ્નની સામે ગુણાંક દર્શાવેલ છે.
(2) કુલ પાંચ પ્રશ્નો છે.
(3) માગ્યા પ્રમાણે જવાબ આપો.

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો. **15**

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા,
મારી વે'લ શંગારો વીરા શગને સંકોરો,
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ,
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા.
પીળે રે પાંદે લીલાં ઘોડા ડૂબ્યાં,
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં રાજ,
રે હણહણતી મેં સાંભળી સુવાસ,
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા.
મને રોકે પંછાયો એક ચોકમાં,
અડધા બોલે ઝાલ્યો, અડધો ઝાંઝરથી ઝાલ્યો,
મને વાગે સજીવી હળવાશ,
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા.

- રાવજી પટેલ

**અથવા**

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો. **15**

નિર્દોષ ને નિર્મળ આંખ તારી;
હતી હજી યૌવનથી અજાણ,
કીધો હજી સાસર વાસ કાલે

શૃંગાર તે પૂર્ણ ચિંતામહી કર્યો !
કુણી હજી દેહલતા ન પાંગરી;
કૌમાર આછું ઊઘડ્યું ન ઊઘડ્યું,
પ્હેરી રહે જીવન ચુંદડી જરી;
સારી પડી ત્યાં તુજ અંગથી એ !
સંસારના સાગરને કિનારે;
ઊભા રહી અંજલિ એક લીધી,
ખારું મીઠું એ સમજી શકે ત્યાં
સારી પડ્યો પાય સમુદ્રની મહી !
છો કાલ આવે, શિશિરો ય આવે;
ને પુષ્પ કુણા દાવમાં પ્રજળે,
સુકો મળી દેહ કળી અરે ખરે;
વસંતની ફૂંક મહી ખરી પડી !

- હરિચંદ્ર ભટ્ટ

**2** ટૂંકનોંધ લખો : (કોઈપણ **ત્રણ**) **15**

(1) ગુજરાતી પ્રવાસ નિબંધ સાહિત્યની લાક્ષણિકતાઓ.

(2) કહેવત આધારિત ગુજરાતી નિબંધ સાહિત્યની લાક્ષણિકતાઓ.

(3) સાંપ્રત સમસ્યા વિષયક નિબંધોનું સ્વરૂપ.

(4) રાજકારણ વિષયક ગુજરાતી નિબંધ અને તેનાં અભિગમો.

(5) સામાજિક નિબંધનાં વિવિધ વિષયોની છણાવટ.

**3** નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : **15**

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નીરોગી, પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્વક અને પરાક્રમી હોય તો તેનાં બધાં જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વમંગલ કાર્ય કલ્યાણની ભાવના છે, તેનું શબ્દશરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ માટે કેવળ સહિતની ઉપાસના કરીએ તો સહિતની સુંદરતા એની મેળે ફૂટી નીકળે છે. સાહિત્યની ઉન્નતી કરવી હોય તો જીવનની ઉન્નતી કરીએ. સાહિત્ય એ જીવનની છાયાં છે, જીવનની સુગંધ છે.

- કાકાસાહેબ કાલેલકર (દત્તાતેય બાલકૃષ્ણ કાલેલકર)

**અથવા**

3 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 15

કવિ દ્રષ્ટા, તત્વજ્ઞ કે પયગંબરથી જુદો પડે છે. પયગંબર સત્યની પ્રભુના શબ્દ તરીકે ઘોષણા કરે છે. પોતે સંદેશાવાહક હોય છે. કવિ સત્યને એની સૌંદર્યશક્તિ દ્વારા જ જુએ છે. તત્વજ્ઞનું કાર્ય સત્યના અંશોને બૌદ્ધિક સંબંધમાં ગોઠવીને વિવેક કરવાનું હોય છે. કવિનું કર્તવ્ય અંશોને સમગ્રતયા અખિલાઈમાં જોઈ તેને અભિવ્યક્ત કરવાનું હોય છે. આ રીતે કવિ દ્રષ્ટા, તત્વજ્ઞ કે પયગંબરથી જુદો પડે છે.

- ઉમાશંકર જોશી

4 નીચેનો નિબંધ લખો. 15

સાહિત્યકળા અને જીવન કળાનો સંબંધ.

**અથવા**

4 નીચેનો નિબંધ લખો. 15

વર્તમાન શિક્ષણ પદ્ધતિ : સિદ્ધિ અને મર્યાદાઓ.

5 નીચેનો નિબંધ લખો. 10

મારાં પ્રિય સાહિત્યકાર.

**અથવા**

5 નીચેનો નિબંધ લખો. 10

લાગવગ એ જ લાયકાત.